શ્રી ભગવાનજીભાઈ કરગઠીયા (માંગરોળ)

**અગ્રતા–૩**

**પ્રશ્ન :૧** છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જીલ્લામાં તાલુકાવાર કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે કેટલા પશુપાલકોને કેટલી સહાય ચૂકવવામાં આવી?

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

આ સહાય મેળવવા માટે કયા કયા દસ્તાવેજો અરજી સાથે સામેલ રાખવાના હોય છે

**જવાબ** **માન. અધ્યક્ષશ્રી** માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..

ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત અને સમૃધ્ધ બનાવવા માટે પશુપાલન એક મહત્વનું પરિબળ છે. પશુપાલનની આ મહત્તા સમજાયા પછી વધુ ને વધુ લોકો પશુપાલનને સ્વતંત્ર વ્યવસાય તરીકે અપનાવતા થયા છે. પશુપાલનને વધુ નફાકારક બનાવવા માટે આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિઓ દ્વારા વધુ દૂધ ઉત્પાદનના આનુવંશિક ગુણો ધરાવતી સારી ઓલાદનાં પશુઓનો ઉછેર કરવામાં આવે તે હાલના સમયની જરૂરીયાત છે.

**માન. અધ્યક્ષશ્રી**

પશુપાલનના વ્યવસાયનું ભવિષ્ય આજની વાછરડીઓ અને પાડીઓ છે. આવી વાછરડીઓનો ઉછેર એ ખૂબજ મહેનત, જાળવણી અને સતત દેખરેખ માંગી લે છે.

**માન. અધ્યક્ષશ્રી**

પશુપાલકો કૃત્રિમ બીજદાન દ્વારા સારી ઓલાદની સ્થાનિક ગીર અને કાંકરેજ ગાયોની વાછરડી મેળવી શકે અને તેનો સારી રીતે ઉછેર કરી વધુ દૂધ ઉત્પાદન આપતી ગાયો મેળવી શકે તે માટે શુધ્ધ સંવર્ધન દ્વારા રાજયની સ્થાનિક ઓલાદની ગાયોમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહન આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જીલ્લામાં તાલુકાવાર કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે કેટલા પશુપાલકોને કેટલી સહાય ચૂકવવામાં આવી તેની વિગતો જણાવું તો..

- **કેશોદ** તાલુકાના **૫૭** પશુપાલકો **૧ લાખ ૭૧ હજાર**
- **જુનાગઢ** તાલુકાના **૯૬** પશુપાલકો **૨ લાખ ૮૮ હજાર**
- **જુનાગઢ (શહેર)** તાલુકાના **૧૧** પશુપાલકો **૩૩ હજાર**
- **ભેંસાણ** તાલુકાના **૪૩** પશુપાલકો **૧ લાખ ૨૯ હજાર**
- **મેંદરડા** તાલુકાના **૧૫૧** પશુપાલકો **૪ લાખ ૫૩ હજાર**
- **માંગરોળ** તાલુકાના **૧૫** પશુપાલકો **૪૫ હજાર**
- **માણાવદર** તાલુકાના ૮ પશુપાલકો **૨૪ હજાર**
- **માળિયા–હાટીના** તાલુકાના **૨૧૫** પશુપાલકો **૬ લાખ ૪૫ હજાર**
- **વંથલી** તાલુકાના **૯૬** પશુપાલકો **૨ લાખ ૮૮ હજાર**
- **વિસાવદર** તાલુકાના **૯૯** પશુપાલકો **૨ લાખ ૯૭ હજાર**

આમ આ યોજના હેઠળ જુનાગઢ જિલ્લામાં કુલ **૭૯૧** પશુપાલકોને છેલ્લા બે વર્ષ દરમ્યાન **૨૩ લાખ ૭૩ હજારની** સહાય ચૂકવવામાં આવી.

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં અરજી સાથે કયા કયા દસ્તાવજો સામેલ રાખવાના હોય છે તે અંગે જણાવુ તો...**

૧. બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક

૨. બારકોડેડ રેશનકાર્ડ

૩. કૃત્રિમ બીજદાનથી પશુ ફેળવ્યાનું કૃત્રિમ બીજદાન કરનાર સંસ્થાનું પ્રમાણપત્ર

૪. સરકાર માન્ય ફોટાવાળુ ઓળખપત્ર/આધારકાર્ડની નકલ

૫. પશુચિકિત્સા અધિકારીશ્રી/પશુધન નિરીક્ષકશ્રી દ્વારા વાછરડીની વિગત માટે સ્થળચકાસણીનું પ્રમાણપત્ર

૬. સક્ષમ અધિકારીશ્રીનું દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્ર (ફક્ત દિવ્યાંગ પશુપાલક માટે)

શ્રી સંજયભાઇ કોરડીયા (જુનાગઢ)

**અગ્રતા–૩**

**પ્રશ્ન :૨** શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહન આપવાની યોજનાની શરતો શું છે?

**જવાબ :** **માન. અધ્યક્ષશ્રી,** માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો....

ભારત સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય કૃત્રિમ બીજદાન કાર્યક્રમ વર્ષ ૨૦૧૯–૨૦થી અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ આપણા રાજયના કુલ ૨૧ જિલ્લાઓ (કચ્છ, જામનગર, દેવભૂમી દ્વારકા, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જુનાગઢ, પોરબંદર, અમદાવાદ, પાટણ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, પંચમહાલ અને દાહોદ) નો સામવેશ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ પશુપાલકોને કૃત્રિમ બીજદાનની સેવાઓ વિના મૂલ્ય પૂરી પાડવામાં આવે છે.

**આ યોજનાની શરતો જણાવું તો**

- પશુપાલકે આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.
- સ્થાનિક ઓલાદની ગાયો રાખતા પશુપાલકોને આ યોજનાનો લાભ આપવાનો રહેશે.
- કુટુંબ દીઠ એક જ પશુપાલકને વર્ષમાં એક જ વાછરડી માટે લાભ મળવાપાત્ર રહેશે

- અરજીની તારીખે વાછરડીની ઉંમર ૧૧ માસથી વધુ ન હોવી જોઇએ.
- લાભાર્થી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં (એક વર્ષ માટે પ્રતિ પશુપાલકે એક વખત) સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો આપવાનો રહેશે.
- વાછરડીની ખરાઇ તાલુકાના પશુચિકિત્સા અધિકારી/ પશુધન નિરીક્ષક દ્વારા કરવામાં આવશે તેમજ યોજનાનો લાભ મેળવવા વાછરડીના જન્મનું પ્રમાણપત્ર (કૃત્રિમ બીજદાન કરનાર સંસ્થાના નામ સાથે) રજૂ કરવાનું રહેશે
- આ પ્રકારે કરવામાં આવેલ ખરાઇ (વેરીફિકેશન) બાદ જિલ્લા પશુપાલન અધિકારી દ્વારા સહાય લાભાર્થીના બેંક એકાઉન્ટમાં D.B.T દ્વારા જમા કરવાની રહેશે.

શ્રી દેવાભાઇ માલમ (કેશોદ)

## અગ્રતા–૩

**પ્રશ્ન : ૩** જૂનાગઢ જીલ્લામાં તાલુકાવાર કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના યોજનામાં કેટલા પશુપાલકોની અરજીઓ નામંજૂર કરવામાં આવી

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

નામંજૂર કરવાના શા કારણો છે? ?

**જવાબ :** **માન. અધ્યક્ષશ્રી** માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..

- **કેશોદ** તાલુકાના **૩૯** અરજીઓ
- **જુનાગઢ** તાલુકાના **૯** અરજીઓ
- **જુનાગઢ (શહેર) ૩** અરજીઓ
- **ભેંસાણ** તાલુકાના **૨૯** અરજીઓ
- **મેંદરડા** તાલુકાના **૧૬** અરજીઓ
- **માંગરોળ** તાલુકાના **૩૦** અરજીઓ
- **માણાવદર** તાલુકાના કોઈ અરજી નામંજુર થયેલ નથી
- **માળિયા–હાટીના** તાલુકાના **૨૧૫** અરજીઓ
- **વંથલી** તાલુકાના **૬** અરજીઓ
- **વિસાવદર** તાલુકાના **૨૨** અરજીઓ

આમ આ યોજના હેઠળ જુનાગઢ જિલ્લામાં કુલ **૩૬૯ અરજીઓ નામંજુર કરવામાં આવી**

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં અરજી નામંજુર થવાના કારણો જણાવું તો**

- અરજી સાથે યોજના હેઠળ નિયત કરવામાં આવેલ આધારો/દસ્તાવેજો પુરા ન પાડવાના કિસ્સામાં.
- અરજીની તારીખે વાછરડીની ઉંમર ૧૧ માસથી વધુ હોવાથી
- શુદ્ધ સંવર્ધનને બદલે શંકર સંવર્ધન દ્વારા દેશી ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાન કરવામાં આવેલ હોવાથી
- કૃત્રિમ બીજદાનને બદલે કુદરતી સંવર્ધન થકી દેશી ઓલાદની ગાયને ફેળવવામાં આવી હોય તેવા કિસ્સામાં.
- કૃત્રિમ બીજદાનથી પશુ ફેળવ્યા અંગેનું કૃત્રિમ બીજદાન કરનાર સંસ્થાનું પ્રમાણપત્ર બિડાણમાં સામેલ ના રાખવાના કિસ્સામાં.